# વિદ્યાર્થી કેન્દ્રિત અને અસરકારક શિક્ષણ માટે ગૂગલ એપ્લિકેશન્સ

**ડો. બીના એમ. પારેખ**

**આચાર્ય,** શ્રીમતી પી. કે. ઈનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર

Mo.૯૪૨૭૬૯૩૫૫૪ E-Mail: bhuvra@gmail.com

વર્તમાન યુગ માહિતી અને જ્ઞાનના યુગ તરીકે ઓળખાય છે. શિક્ષણ એ માહિતી અને જ્ઞાનના ઉત્પાદન, વિસ્તરણ અને ઉપયોગ શીખવવા માટેની ઉત્તમ ગોઠવણ છે. આજના સ્પર્ધાત્મક સમયમાં શિક્ષકનો ફાળો વિશેષ મહત્વ ધરાવે છે. શિક્ષકે શિક્ષણને સફળ બનાવવા આધુનિક બનવું પડશે. તે માટે દરેક શિક્ષકની પ્રથમ જરૂરિયાત રહેશે કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટનો યોગ્ય ઉપયોગ કરવાની કળા જાણવાની. ખૂબ નજીકના ભવિષ્યમાં સાક્ષર અને નિરક્ષકની વ્યાખ્યા બદલાઈ જશે. જેને કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટનો યોગ્ય ઉપયોગ કરતાં આવડશે તેનેજ સાક્ષર કહેવાશે અને જેને આ બંને નો ઉપયોગ કરતાં નહીં આવડે તો તે કહેવાશે નિરક્ષક!

આજની ઈન્ટરનેટની આ દુનિયામાં, આપણે કોઇ પણ સમયે અને સ્થળે કોઈ પણ વસ્તુ પર પુષ્કળ પ્રમાણમાં ઝડપી, સરળ અને ચોકકસ માહિતી અને તે પણ વિવિધ ભાષાઓમાં ગુગલ નામના સર્ચ એન્જિનનો ઉપયોગ કરી મેળવી શકીએ છીએ. સામાન્ય બે–ત્રણ કી–વર્ડ નો ઉપયોગ કરવા માત્રથી આપણે જે જાણવા માંગીએ છીએ તે બધું આપણા મોબાઇલ અથવા કમ્પ્યુટર સ્ક્રીન દ્વારા સહજતાથી મેળવી શકાય છે. શિક્ષણક્ષેત્રે વર્ગખંડોને પણ ઈન્ટરનેટ કનેકટીવીટીથી જોડી દેવામાં આવી રહ્યા છે પરિણામે શિક્ષણ વધુ સર્જનાત્મક બન્યું છે.શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંસ્થાઓને સમાન પ્લેટફોર્મ પર લાવવામાં મોટી તકનીકી કંપનીઓના પ્રયત્નો તથા સંશોધનો મહત્વના સાબિત થયા છે. આ શૈક્ષણિકની તકનીકી ક્ષેત્રનો સૌથી મોટા ખેલાડીઓમાનો એક સ્પષ્ટપણે ગૂગલ જ છે. ગૂગલની કેટલીક એપ્લિકેશન અને ટૂલ્સ કે જે શિક્ષણ પ્રણાલીમાં સુધારો લાવવા માટે તથા શૈક્ષણિક કાર્યો માટે શિક્ષક તેમજ વિદ્યાર્થી એમ બંને પક્ષે અસરકારક સાબિત થયેલ છે તે વિશે જાણીએ અને શાળાકીય કાર્યોમાં તેનો ઉપયોગ કરીએ અને કરાવીએ તો શિક્ષણ થકી સફળતાની નવી ક્ષિતીજો સાર કરી શકાશે.

**ગૂગલ સ્કોલર:**

આ એપ્લીકેશન દ્વારા તમે એકજ સ્થાનેથી જ્ઞાનસભર માહિતી શોધી શકો છો. એટલું જ નહીં સદર માહિતી વધુ વિશ્વસનીય હોય છે, કારણ કે તે સાર્વજનિક વેબ સામગ્રી બતાવતું નથી જે આપણે સામાન્ય રીતે સર્ચ એન્જિન પર મેળવતા હોઇએ છીએ. આમાં અભ્યાસના કોઈપણ ક્ષેત્રના એબ્સ્ટ્રેક્ટ્સ, લેખ, શૈક્ષણિક જર્નલ, થીસીસ તથા પુસ્તકો

જેવા સ્રોતો સહિતની માહિતી સરળતાથી મેળવી શકાય છે. તેમાં મૂળ લેખો અથવા સંપૂર્ણ ટેક્સ્ટની લિંક્સ પણ આપેલી હોય છે.

**ગૂગલ ક્લાસરૂમ:**

જે શાળાઓ પેપરલેસ કામગીરી કરવા માંગે છે તેવી શાળાઓ માટે આ ઉપયોગી એપ્લીકેશન છે. આ એપ્લિકેશન મારફત શિક્ષક વિદ્યાર્થીઓને આપવાના થતાં એસાઈનમેન્ટ ખુબજ સરળતાથી તૈયાર કરી વિદ્યાર્થીઓને તેનું વિતરણ તેમજ વર્ગીકરણ કરી શકે છે. આમ, ગૂગલ કલાસરૂમ એ શાળાઓ માટેનું એક ડીજીટલ પ્લેટફોર્મ છે જે સોંપણી, ગ્રેડીંગ અને કાગળના વિતરણને સરળ બનાવવા માટેનું ઉપયોગી સાધન છે.

**ગૂગલ મેઈલ (જીમેઈલ):**

જીમેઈલ એ વિશ્વ ની સોથી લોકપ્રીય ઈમેઈલ સેવા છે. ગુગલની આ સેવા ૨૦૦૭ માં શરુ કરવામાં આવી હતી. સમય સાથે ગુગલ કંપની એ અનેક નવા ફિચર એડ કર્યા છે. અમેરિકા ની ૬૬% કંપની જીમેઈલ વાપરે છે. જીમેઈલ તમને ૧૫ જીબી સુધીની સ્ટૉરેજ સ્પેસ આપે છે. કોઈપણ વ્યકિત સરળતાપૂર્વક, ગમે ત્યારે, ગમે ત્યાંથી ચાહે તે સ્વરૂપે માહિતીનું આદાન–પ્રદાન કરી શકે. શિક્ષક અને વિદ્યાર્થી જયારે જરૂર જણાય ત્યારે માહિતીનું ખુબજ સરળતાથી આદાન–પ્રદાન કરી શકે છે. પછી તે એસાઈન્મેન્ટ હોય, હોમવર્ક હોય, શૈક્ષણિક નોટીસ હોય કે પછી પરિક્ષાનું ટાઈમ ટેબલ હોય. એકજ સમયે એક સાથે અનેક વિદ્યાર્થીઓને, વાલીઓને કે સંસ્થાના કર્તા હર્તાઓ સાથે ખુબજ ઓછા સમયમાં માહિતીનું આદાન–પ્રદાન કરી શકાય છે.

**ગૂગલ હેંગઆઉટ:**

ગૂગલ હેંગઆઉટ, ગૂગલ દ્વારા પ્રદાન થયેલ સૌથી વધુ લોકપ્રિય સાધનોમાંનું એક છે. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે મફત વિડિઓ કોન્ફરન્સિંગની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તેને કેટલીક વિશિષ્ટ સુવિધાઓ જેવી કે, યુટ્યુબ, જીમેલ અને કેલેન્ડર જેવી અન્ય ગૂગલ સેવાઓ સાથે સાંકળવામાં આવેલ છે તેમજ એક જ સમયે દસ જેટલા વપરાશકર્તાઓને એક સાથે વાતચીત કરવાની સુવિધા પણ પૂરી પાડે છે. શિક્ષકો આ સેવાનો ઉપયોગ તેમના વિદ્યાર્થીઓને મદદ કરવા માટે કરી શકે છે અથવા વિદ્યાર્થીઓ તે સમયે વિવિધ સ્થળોએ હોય ત્યારે પણ તેમની શંકાઓને સ્પષ્ટ કરી શકે છે. શાળાઓ અતિથિઓને વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા તેમના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આમંત્રી શકે છે તેમજ કોઈ વિદ્વાન ફેકલ્ટીને ઓનલાઇન વર્ગ લેવા માટે પણ આમંત્રિત કરી શકે છે.

**ગૂગલ ડ્રાઈવ:**

વર્ષ 2012 માં શરૂ કરાયેલ, આ ફાઈલ સ્ટૉરેજ અને સિન્ક્રોનાઈઝ સેવા કે જે ગૂગલ દ્વારા વિકસાવવામાં આવી છે તે વપરાશકર્તાઓને તેમના સર્વર્સ પર ફાઈલો સંગ્રહિત કરવા, વિવિધ ઉપકરણોની ફાઈલોને સિંક્રનાઈઝ કરે છે અને ફાઈલો શેર પણ કરે છે ગૂગલ ડ્રાઈવ એ કલાઉડ–આધારિત સ્ટૉરેજ છે જે વ્યક્તિને પોતાના અગ્ત્યના દસ્તાવેજો, વ્યાખ્યાનો, વીડીઓઝને ૧૫ જીબી સુધી ઓનલાઈન સ્ટોર કરવાની મંજૂરી આપે છે.

લગભગ તમામ પ્રકારની ફાઈલોને ઓનલાઇન સ્ટોર કરવા સિવાય, તે વપરાશકર્તાઓને તેમના ઉપકરણો પર ફાઈલોને સિંક્રનાઇઝ કરવાની અને ફાઈલોને શેર કરવાની મંજૂરી પણ આપે છે. શાળાઓ આ સેવાનો ઉપયોગ એક જ જગ્યાએ બધી અધ્યયન અને શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરવા માટે રાખી શકે છે. શિક્ષકો જુદા જુદા વર્ગો માટે અલગ ફોલ્ડરોમાં વિદ્યાર્થીઓ માટે એસાઇનમેન્ટ અપલોડ કરી શકે છે અને વિદ્યાર્થીઓ તેમનું સમાપ્ત કરેલું હોમવર્ક પણ સબમિટ કરી શકે છે.

**ગૂગલ બુકસ:**

**એક સમય એવો હતો કે જયારે** કોઈ પુસ્તકનો અભ્યાસ કરવા હોય તો તેના અભ્યાસ માટે તે પુસ્તક ખરીદવું પડતું અથવા તો પુસ્તકાલયની સદસ્યતા લેવી પડતી હતી. જે દરેક સંસ્થા, શિક્ષક કે વિદ્યાર્થી માટે શકય નહોતું. ગૂગલ બુકસ નામની આ સુવિધાથી કોઈપણ બુકસ તમે સરળતાથી મેળવી શકો છો. ગૂગલ બુકસ એક ડિજિટલ લાઈબ્રેરી છે જેમાં ૨૫ મિલિયનથી વધુ સ્કેન કરેલા પુસ્તકો છે. તે તમામ પુસ્તકોનો વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પોત પોતાની જરૂરિયાત મુજબ ઉપયોગ કરી શકે છે. આમ ગૂગલ બુક્સ ગુગલ ની ડીજીટલ બુક પૂરી પાડતી સેવા છે. ગુગલ કંપની એ ૨.૫ કરોડ પ્રિન્ટ બુકને ડીજીટલ સ્વરૂપ માં ફેરવી વેબસાઈટ ઉપર મૂકી છે. આમાં તમે ઘણી બધી બુકસ ફ્રીમાં વાંચી શકો છો.

**ગૂગલ શીટ્સ:**

ગૂગલ શીટ્સ વેબ આધારિત સ્પ્રેડશીટ ટૂલ છે જે તમને ઓનલાઇન સ્પ્રેડશીટ્સ બનાવવા અને સંપાદિત કરવાની તેમજ રીઅલ–ટાઇમમાં સહયોગ કરવાની મંજૂરી આપે છે. ડેટા વિશ્લેષણ અને સંગઠન માટે પણ તે ખુબ ઉપયોગી સાબિત થયેલ છે.

**ગૂગલ ફોર્મ્સ:**

ગૂગલ ફોર્મ્સ પણ એક વેબ–આધારિત ફોર્મ ટૂલ છે જે તમને અલગ અલગ ફોર્મ્સ, સર્વેક્ષણો અને ક્વિઝ બનાવવાની મંજૂરી આપે છે જે રીઅલ–ટાઇમમાં પ્રતિસાદની માહિતી એકત્રિત કરે છે. આમ ફોર્મ એ ગુગલની ઓનલાઈન સર્વે કરવા માટેની સગવડ આપે છે જેમાં તમે તમારા પોતાના સર્વે કરી શકો છો. આ ખુબ ઉપયોગી સેવા છે અને તમારી વેબસાઈટ સાથે કોમ્બીનેશન કરી શકો છો.

**ગૂગલ સ્લાઇડ્સ:**

ગૂગલ સ્લાઇડ્સ પણ એક વેબ આધારિત પ્રસ્તુતિ સાધન છે જે તમને ઓનલાઇન પ્રસ્તુતિઓ બનાવવા અને સંપાદિત કરવાની મંજૂરી આપે છે. આમ ગુગલ સાઈટ એ ગૂગલ ની ઓનલાઈન વેબસાઈટ બનવવા માટે છે. જો તમને વેબસાઈટ કેવી રીતે બનાવવી એ ખ્યાલ ના હોય તો ગૂગલ સાઈટ એનો જવાબ છે. આની મદદથી એક બેસિક વેબસાઈટ તમે બનાવી શકો છો.

**ગૂગલ ડ્રોઇંગ્સ:**

ગૂગલ ડ્રોઇંગ્સ એક વેબ–આધારિત આકૃતિ સોફ્ટવેર છે જે વપરાશકર્તાઓને ફ્લોચાર્ટ, નકશાતેમજ અન્ય છબીઓ બનાવવા માટેની સુવિધા પૂરી પાડે છે.

**ગૂગલ મેપ:**

ગૂગલ મેપ એ વિશ્વની લોકપ્રીય મેપ સેવા છે. આના દ્વારા તમે મેપ, સેટેલાઈટ તસ્વીર, સ્ટ્રીટ મેપ, લાઇવ ટ્રાફિક અને રસ્તાનું પણ પ્લાન કરી શકો છો. આ સર્વિસ ૨૦૦૫ માં શરૂ કરવામાં આવી હતી.

**ગૂગલ યુટ્યુબ:**

યુટ્યુબ એ એક ફ્રી વિડીઓ શેરીંગ વેબસાઈટ છે. જેમાં તમે ફ્રીમાં વિડીઓ અપલોડ કરીને શેર કરી શકો છો તથા નિહાળી શકો છો તેમજ ડાઉનલોડ પણ કરી શકો છો. સરળ રીતે નવીનતા સભર શિક્ષણ આપવા માટે ઘણી વિડીયો આ સાઇટ પર મળી શકે છે. આની શરૂઆત ૨૦૦૫ કરવામાં આવી હતી. આ દુનિયાની સોથી લોકપ્રીય વેબસાઈટ છે. વિજ્ઞાન કે કોઈ પણ વિષય પર સમજી શકાય તેવું શિક્ષણ આપવા લાખો વિડીઓ ઉપલબ્ધ છે. જે તમે તમારી જરૂરિયાત મુજબ ડાઉનલોડ પણ કરી શકો છો.

**ગૂગલ ટ્રેન્ડ:**

ટ્રેન્ડએ વિશ્વમાં થતાં સર્ચને લગતી માહિતી આપે છે. વિશ્વમાં શું સોથી વધારે સર્ચ થાય છે. તેના વોલ્યુમ વિશે અથવા ક્યાં દેશ માં શું સર્ચ થાય છે. તેના વિશેની માહિતી પૂરી પાડે છે.

**ગૂગલ સ્કોલર :**

વિશ્વની દરેક મોટી યુનિવર્સીટીના લેખ અને મેગેઝીન તમને અહીં ફ્રીમાં મળશે. આ સેવા વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી છે.

આમ, ઉપર જોયું તેમ, ટેકનોલોજીની પ્રગતિએ આપણી શિક્ષણ પ્રણાલીમાં ક્રાંતિ લાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને ગૂગલ શરૂઆતથી જ આ મિશનમાં મોખરે રહ્યું છે. વિશ્વભરમાં ૭૦ મિલિયનથી વધુ સભ્યો ગૂગલની આ વિવિધ એપ્લીકેશનોના માધ્યમથી જોડાયેલા છે. ગૂગલની આ તમામ સુવિધાઓ નિ:શુલ્ક છે તેના માટે ફકત તમારું રેજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. ગૂગલની આ સુવિધાઓથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નવીનતા, ભાગીદારી અને સર્જનાત્મકતા જોવા મળે છે. પરિણામે શિક્ષણ વધુ સર્જનાત્મક બની રહયું છે તેમ જણાય છે

**"શિક્ષણ દર્શન"** માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પ્લેક્ષ પાસે,
સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**
**૩** વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**
**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**